**રાજકોટના મે.૧૭માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં મું.રાજકોટ**

**ફોજદારી કેસ નં.૫૭૫૬/૨૦૨૬**

**ફરિયાદી :** શ્રી સરકાર

**–: વિરૂધ્ધ :–**

**આરોપી :** વિપુલભાઈ લાલજીભાઈ પરાલીયા

**ગુન્હો : પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ એ**

**::: ચુકાદો :::**

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ઉપર મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આ કામના આરોપીની કબુલાત પુરશીસ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લીધા. વધુમાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમવારનો ગુન્હો છે જે શરતચુકથી થયેલ છે, ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઈ ગુન્હો કરશે નહી. તે કુટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. આરોપી ઉપર તેના કુટુંબના સંચાલનનો મહત્વનો આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરીવારે પણ પેસીવ પનીસમેન્ટ ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી કોર્ટ રુબરુ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખી નામદાર ગુજરાત વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, તેમજ આરોપીની ગુન્હા કબુલાતની પુરસીસ તથા ગુન્હાના સં જોગો ધ્યાને લેતાં આરોપીની કબુલાત સ્વીકારવાથી અને ઓછામાં ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહેશે તેમ જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાંઆવે છે.

**–:હુકમ:–**

૧) આ કામના આરોપીને પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ એ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/– (શબ્દોમાં રૂપીયા બસો પુરા)** દંડ ફરમાવવામાંઆવે છે તથા જો દંડ ના ભરે તો દીન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાંઆવે છે.

૨) આ કામે કબજે થયેલ મુદામાલ દારૂનો નાશ કરવાનો અને જો મુદામાલ વાહન કે મોબાઈલ કબજે થયેલ હોય તો તેના માલિકને ખરાઈ કરીને સોપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૪, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ હુકમ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યા

તારીખ ૧૪–૦૩–૨૦૨૬
સ્થળ:– રાજકોટ

**(સોહેલ અનવર મીયા શેખ)**
૧૭માં એડી. ચીફ જયુડી. મેજી.
(GJ 0 1340)